જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૮/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં</u>
<u>આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-</u> <u>સમાચાર યાદી નં.૧૬૬૭/૧૭</u>

<u>નાર્કોટીક્સના ગુનામાં પેરોલ મેળવી ફરાર થઇ ફરારી દરમ્યાન ફરીથી નાર્કોટીક્સનો જથ્થો રાખવાનો ગુનો કરી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેરએસઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>

પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓએ તા.૦૨/૦૮/૨૦૧૭ થી તા.૨૦/૦૮/૨૦૧૭ દરમ્યાન નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવાની ડ્રાઇવ રાખેલ હોય જે અનુસંધાને સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથાનાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરનાઓની સુચનાથી અને મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ ઉપરોકત કામગીરી કરવા સારુ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી એન.એન.રબારીની ટીમ પેટ્રોલીંગમાં હતીઅને પેટ્રોલીંગ દરમ્યાન પો.કો.અનવરખાન પીરખાન તથા પો.કો.જાવેદખાન મુનસફખાન નાઓએ આપેલ બાતમી હકીકત આધારે જુહાપુરા સંકલિતનગર 'જે' વોર્ડના નાકા આગળથી પેરોલ જમ્પ કેદી મોહમદરફીક ઉર્ફે ચીના s/o મોહમદસફી શેખ રહે, હુસેની પાર્ક વિભાગ-૨, નમકની ફેક્ટરીની બાજુમાં, જુહાપુરા, અમદાવાદને ઝડપી લેવામાં આવેલ. સને ૨૦૧૨ માં આ કેદી મોહમદરફીક ઉર્ફે ચીના s/o મોહમદસફી શેખ તથા તેની પત્ની નામે રૂકશાના તથા તેનો મિત્ર ઇન્તકાબ મોહમદરફીક નાઓને એન.સી.બી. પોલીસે ૭ કીલો ચરસમાં પકડેલા હતા જે ગુનામાં તેઓ જેલમાં હતા અને ગઇ તા.૨૧/૦૧/૨૦૧૭ ના રોજ સદરીને દિન-૧૨ ની પેરોલ રજા મળેલ હતી અને પાછળથી પેરોલ રજા બે અઠવાડીયાંની વધારેલ હતી અને તા.૧૬/૦૨/૨૦૧૭ ના રોજ હાજર થવાનું હતું પરંતુ હાજર થયેલ નહી અને પેરોલ જમ્પ થયેલ હતો અને પેરોલ ફરારી દરમ્યાન પણ સદરી ઇસમ તથા તેનો ભાઇ મોહમદઅઝીજ મોહમદસફી શેખ તથા કશ્મીરી ઉર્ફે રશીદ નાઓ ચોરીછુપીથી ચરસનો ધંધો કરતા હતા અને ક્રાઇમ બ્રાન્ચ દ્વારા તેના ભાઇ તથા કાશ્મીરીને ૨ કીલો ચરસના જથ્થા સાથે આજથી ચારેક માસ અગાઉ પકડી લેવામાં આવેલ જેમાં સદરી ઇસમ નાસતો ફરતો હતો. જેથી સદરી આરોપીને આજરોજ તા.૧૯/૦૮/૨૦૧૭ ના રોજ હસ્તગત કરી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવા તેમજ ડીસીબી પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં.૫૦૩૮/૨૦૧૭ એન.ડી.પી.એસ. એક્ટ ૮(સી), ૨૦(બી) મુજબના ગુનામાં વોન્ટેડ હોય જેથી સદરી બાબતે યોગ્ય કાર્યવાહી કરવા ત.ક.અધિ.શ્રીને જાણ કરવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે. સદરી આરોપી અગાઉ એટીએસમાં એનડીપીએસના ગુનામાં પકડાયેલ છે

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.














નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.